### શામળાજી પોલીસે બુટલેગરોનો કારના બમ્ફરમાં છુપાવીને ૩૭ હજારનો
# વિદેશી દારૂ ઘુસાડવાનો કીમિયો નિષ્ફળ બનાવ્યો

શામળાજી, ૨૨

ઉત્તર ભારતના રાજ્યો માંથી મોટા પ્રમાણમાં અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ગુજરાતમાં ઠાલવવા પ્રયત્નશીલ રહે છે શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ બુટલેગરોમાં હોટ ફેવરેઈટ છે બુટલેગરો અવનવા કીમિયા અપનાવી વિદેશી દારૂ ઘુસાડી રહ્યા છે

શામળાજી પોલીસે સેવરોલેટ ઓપ્ટ્રા કારના બમ્ફર ની નીચેની સાઈડ ગુપ્ત ખાનું બનાવી ૩૭ હજારનો વિદેશી દારૂ ઘુસાડવાના કીમિયાને શામળાજી પીએસઆઈ કેતન વ્યાસ સતર્કતાના પગલે નિષ્ફળ બન્યો હતો શામળાજી પોલીસે બે બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ૨.૩૯ લાખનો મુદ્દમાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી




જીલ્લા પોલીસવડા મયુર પાટીલની દારૂબંધી અમલવારી અને વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા ચુસ્ત અમલવારી માટે આદેશ કરતા શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ હાથધર્યું છે શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક અણસોલ ગામની સીમ માંથી રાજસ્થાન તરફથી આવતી સેવરોલેટ ઓપ્ટ્રા (ગાડી.નં-સ્ઉઁ ૦૧ ફછ ૨૬૭૩) ને અટકાવી તલાસી લેતા કારના બમ્ફર નીચે ગુપ્ત ખાનામાં સંતાડેલો વિદેશી દારૂના ક્વાંટરીયા નંગ-૩૦૦ કીં.રૂ.૩૭૫૦૦/- નો જથ્થો જપ્ત કરી ૧) નારાયણલાલ રમેશ નાયક (રહે,પાટોલીયા,રાજ) અને ૨) લાલુરામ પરથુજી મેઘવાલ (રહે,સ્કૂલ મહોલ્લા પારી,કપાસન, રાજ) ને દબોચી લઈ કારની કીં.રૂ.૨૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં.રૂ.૧૫૦૦ મળી કુલ રૂ.૨૩૯૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કારમાં વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનનો બુટલેગર ઘનશ્યામ (રહે,સાસેરા, રાજસમંદ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા




શામળાજી પોલીસે ઓપ્ટ્રા કારમાંથી જપ્ત કરેલ વિદેશી દારૂના ક્વાંટરીયાનો જથ્થો ગુજરાતના કઈ જગ્યાએ પહોંચાડવાનો હતો તેની જાણકારી પ્રાપ્ત કરવા કવાયત હાથધરી હતી.

## માલપુર પોલીસે પીધેલા આધેડને પકડી લઈ ઢીબી નાખતા ગ્રામજનો વિફર્યા
### બુટલેગરોને પોલીસ છાવરતી હોવાનો આક્ષેપ



માલપુર પોલીસ ગામમાં ચાલતા દેશી-વિદેશી દારૂનો ધંધો કરતા બુટલેગરોને હપ્તારાજ ચલાવી છાવરતી હોવાના આક્ષેપો ગ્રામજનોએ ઉઠાવ્યા છે ગ્રામજનોના જણાવ્યા અનુસાર પોલીસની છત્રછાયામાં ફાટીને ધુમાડે ગયેલા ત્રણ બુટલેગરો બિન્ધાસ્ત રીતે દેશી દારૂનો ધંધો કરી રહ્યા છે જેઓને છૂટોદોર અપાઈ રહ્યો છે અને દારૂ પીવાવાળાને પોલીસ પકડીને કાર્યવાહી કરતા વિરોધના વંટોળ ઉઠવા પામ્યો છે.

ગુજરાત વાલ્મિકી સમાજના કન્વીનર લાલજી ભગતે માલપુર પોલીસ સામે દેશી દારૂ ચલાવતા બુટલેગરો સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરતી નથી અને ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડા બંધ કરાવવા જીલ્લા કલેક્ટર અને મામલતદારને વારંવાર આવેદપાત્ર આપવામાં આવ્યા હોવા છતાં દારૂના અડ્ડા બંધ થતા નથી અને દારૂની બદીને લીધે નાની ઉંમરે વાલ્મિકી સમાજની દીકરીઓ વિધવા બની રહી છે અને પોલીસ ઈરાદા પૂર્વક વાલ્મિકી સમાજના આધેડને પકડવામાં આવ્યો હોવાનો ખુલ્લેઆમ આક્ષેપ કરતા પોલીસતંત્ર દોડતું થયું હતું. માલપુરના ગ્રામજનોના જણાવ્યા અનુસાર ગામમાં ત્રણ બુટલેગરો બિન્દાસ્ત દારૂ ના અડ્ડા ચલાવી રહ્યા છે તેમની સામે કાર્યવાહી કરવાના બદલે ગામનો કોઈ વ્યક્તિ નશામય હાલતમાં પકડાય તો પોલીસ તુરંત કાર્યવાહી કરતી હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ પોલીસની બેધારી નીતિ સામે ખુલ્લેઆમ વિરોધ નોંધાવી દારૂના અડ્ડા બંધ કરવાની માંગ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, માલપુર વાલ્મિકી ફળિયામાં રહેતો શ્રમિક આધેડ મજૂરી કર્યા બાદ મંગળવારે સાંજે ગુગલી વિસ્તારમાં આવેલા દારૂના અડ્ડા પર દારૂ પીવાની ટેવના લીધે પીવા પહોંચતા માલપુર પોલીસે રેડના બહાને આધેડને પકડી પાડી માર મારી અટકાયત કરતા ગ્રામજનો વિફર્યા હતા અને ગ્રામજનોના ટોળેટોળા પોલીસ સ્ટેશને ઉમટી પડતા અને પોલીસ દારૂ વેંચતા બુટલેગરો સામે કેમ કોઈ કાર્યવાહી કરતી નથી તેવી ભારપૂર્વક રોષ સાથે રજુઆત કરતા પોલીસ મૂંઝવણમાં મુકતા દારૂ પીધેલ આધેડને જામીન પર છોડી મુકવામાં આવ્યો હતો.

## કણાદરમાં પાણીના જગ બાબતે ઝગડો થતા ચાર સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૨

વિજયનગર તાલુકાના કણાદર ગામે ચાર દિવસ અગાઉ લગ્ન પ્રસંગે મંગાવેલા પાણીના જગ બાબતે થયેલી બોલાચાલી આખરે મારામારી સુધી પહોંચી હતી. જે અંગેની ફરીયાદ મંગળવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે રાયસિંગપુર ગામના સિલવંશકુમાર નારણભાઈ નીનામાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૦ મે ના રોજ કણાદર ગામે યોજોયલા લગ્ન પ્રસંગમાં પાણીના જગ મંગાવવામાં આવ્યા હતા. જેમાં બાબુભાઈ વાલજીભાઈ પાંડોરના દિકરાના લગ્ન પ્રસંગે લવાયેલા પાણીના જગ પૈકી એક જગ ઓછો હતો જેથી સિલવંશકુમારે પાણીના જગ પેટે રૂ. ૧૦૦૦ માગ્યા હતા. જોકે પાણીનો જગ પરત આપ્યા બાદ લેવામાં આવેલ રૂ. ૧૦૦૦ની ડીપોઝીટ પરત આપવાનું કહેવામાં આવ્યુ હતુ. તેમ છતાં શાંતાબેન, રોહીતકુમાર ચંદુલાલ ફોજી, મહેન્દ્રકુમાર બાબુભાઈ પાંડોર તથા અન્ય બે જણાએ ગમે તે કારણોસર ઉશ્કેરાઈ જઈ ઝગડો કરી એવુ કહ્યુ હતુ કે શુ તને અમારા પર વિશ્વાસ નથી અને ડીપોઝીટની માંગણી કરે છે તેમ કહી ગડદાપાટુનો માર મારી આ લોકોએ સિવલવંશકુમાર તથા લોરેન્સને ઈજા પહોંચાડી હતી. જેમાં દિપક અને જીન્નત ગામેતી વચ્ચે પડતા તેમના પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી. જેથી સિલવંશકુમારે ચાર સહિત અન્ય બે જણા વિરૂદ્ધ બુધવારે ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## પાલનપુરમાં બે સંતાનોના પિતાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું
### આંબેથાના યુવકે ધોરણ ૧૦ના પરિણામ બાદ ફીનાઇલ પીધું

પાલનપુર, ૨૨

પાલનપુરના અમીરરોડ વિસ્તારમાં રહેતા બે સંતાનોના પિતાએ મંગળવારે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેમજ બીજી ઘટનામાં ધોરણ દસના પરિણામ બાદ પાલનપુરના આંબેથા ગામના યુવકે ફીનાઈલ પી લેતા સારવાર અર્થે ખસેડાયો હતો.



પાલનપુરમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના અમીરરોડ વિસ્તારમાં રહેતા બે સંતાનોના પિતા દિપક પ્રતાપજી ઠાકોરે મંગળવારે કોઈ અગમ્ય કારણોસર તેમના ઘરે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

આ અંગેની જાણ થતાં પરિવારજનો તેમજ આજુબાજુના લોકો એકત્ર થઈ ગયા હતા. જ્યાં દોડી આવેલી પોલીસે મુર્તદેહ સિવિલમાં ખસેડી પીએમ કરાવ્યું હતું. અને પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે બીજી ઘટનામાં ધોરણ દસ ના પરિણામ બાદ પાલનપુરના આંબેથા ગામના ફરીદ ખાન અહેમદખાન સિંધીએ ફીનાઈલ પી લેતા સારવાર અર્થે ખસેડાયો હતો. જેની તબિયત સુધારા પર હોવાનું સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું.

## બનાસકંઠા અને પાટણ બેઠક ઉપર ભાજપ કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર

વડગામ, ૨૨

લોકસભા ની બનાસકાંઠા અને પાટણ બેઠક ની મત ગણતરી આજે હાથ ધરનાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ ના કાર્યકરો સાથે લોકો માં પણ પરિણામ માટે ઉત્સુકતા જોવા મળી રહી છે પાટણ બનાસકાંઠા બેઠક ઉપર કયો ઉમેદવાર મેદાન મારી જાય છે તે માટે ની ચર્ચા ઓ લોકો થઈ રહીછે

પાટણ લોકસભા બેઠક ઉપર ભાજપ માં થી ભરતસિંહ ડાભી મેદાન માં છે જ્યારે કોંગ્રેસ માં થી જગદીશ ઠાકોર ચુંટણી જંગમાં છે જ્યારે બનાસકાંઠામાં બેઠક ઉપર ભાજપ ના મંત્રી પરબતભાઈ પટેલ તેમજ કોંગ્રેસ માં પરથીભાઈ ભટોળ આમને સામને ચુંટણી જંગમાં છે બનાસકાંઠા બેઠક ઉપર મુખ્યમંત્રી વિજ્ય રૂપાણી સહીત મહારથીઓ ફોર્મ ભરવા ના દિવસથી જ હાજર રહી ને કોઈ પણ ભોગે બેઠક જીતવા કમર કસતા બનાસકાંઠા બેઠક પહેલા થી જ હાઈ પ્રોફાઈલ બની હતી જેનું પરિણામ જાણવા લોકો માં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે રાજકીય પંડિતો અને એક્જીટ પોલ બનાસકાંઠા બેઠક પર ભાજપના પરબતભાઈ પટેલ જીતતા હોવાના દાવા કરાય રહ્યા છે કોંગ્રેસ ના ઉમેદવાર પરથીભાઈ ભટોળ દ્વારા ઉમેદવારી પત્ર ભરવા દિવસે જોર લગાવાયું હતું પરંતુ પાછળ થી તમામ હથિયાર હેઠાં મૂકીને ચુંટણી પ્રચાર દરમિયાન નિષ્ક્રિયતા દાખવી હોવાની ચર્ચા ઓ કોંગ્રેસ ના કાર્યકરો માં જ થઈ રહીછે ત્યારે બનાસકાંઠા ના મતદારો કોને સાંસદ બનાવેછે તે જોવાનું રહ્યું પાટણ બેઠક ઉપર જગદીશ ઠાકોર મેદાન મારી જાય તેવું મતદારોમાં ચર્ચાઈ રહ્યું છે ત્યારે જોવાનું રહ્યું કે બનાસકાંઠા અને પાટણ બેઠક પર કોનું ભાગ્ય ચમકે છે તેના ઉપર સૌ કોઈની મીટ મંડાઈ છે.

# આજે સાબરકાંઠા બેઠકની મતગણતરી
### ૨૨ થી ૨૯ રાઉન્ડમાં મત ગણાશે : દરેક રાઉન્ડમાં ૧૪ ઈવીએમના મતોની ગણત્રી કરાશે : લોખંડી બંદોબસ્ત

હિંમતનગર, તા. ૨૨

૫-સાબરકાંઠા લોકસભા બેઠકની ચૂંટણી ગત તા. ૨૩ એપ્રિલે યોજાયા બાદ બંને જિલ્લાના ઈવીએમ હિંમતનગર ખાતે આવેલ પોલીટેકનિક કોલેજમાં ઉભા કરાયેલા સ્ટ્રોંગરૂમમાં રખાયા છે જેની મતગણતરી ૨૩મેના રોજ ગુરૂવારે સવારે ૮ વાગે શરૂ થશે જેમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવતા તમામ વિધાનસભા બેઠકોના મતદાન મથકે થયેલી ચૂંટણી બાદ તેના ઈવીએમના સીલ તુટ્યા બાદ પરીણામ જાહેર થશે. જોકે સાબરકાંઠા બેઠકમાં આવતા વિસ્તારોની ગણતરી ૨૨ થી ૨૯ રાઉન્ડમાં થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા આયોજન કરી દેવાયુ છે. મતગણતરી દરમિયાન પોલીસતંત્ર દ્વારા સીઆરપીએફ, એસઆરપી અને સ્થાનિક પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાશે જેને લઈને મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ લેનાર તમામ વ્યક્તિઓને પોલીસની તપાસ બાદ જ અંદર પ્રવેશ અપાશે.

**કઈ વિધાનસભા બેઠકની કેટલા રાઉન્ડમાં ગણત્રી થશે**

| તાલુકાનું નામ | મતદાન મથક | કેટલા રાઉન્ડ |
|---|---|---|
| હિંમતનગર | ૩૩૯ | ૨૫ |
| ઈડર | ૩૫૭ | ૨૬ |
| ખેડબ્રહ્મા | ૩૨૬ | ૨૪ |
| પ્રાંતિજ | ૩૦૫ | ૨૨ |
| ભિલોડા | ૪૦૫ | ૨૯ |
| મોડાસા | ૩૩૭ | ૨૫ |
| બાયડ | ૩૧૬ | ૨૩ |

આ અંગે ચૂંટણી શાખાના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત તા. ૨૩ એપ્રિલના રોજ સાબરકાંઠા લોકસભા બેઠકની ચૂંટણી માટે મતદાન યોજાયુ હતુ. જેમાં ૨૦ અને ૧ નોટાનો વિકલ્પ હોવાને કારણે દરેક મતદાન બુથ પર બે ઈવીએમ અને એક વીવીપેટ ગોઠવવામાં આવ્યા હતા. આ બેઠક પર અંદાજે ૬૧ ટકાથી વધુ મતદાન શાંતિપૂર્ણ રીતે થયુ હતુ. મતદાનનો સમય પૂર્ણ થયા બાદ બંને જિલ્લાના મળી અંદાજે ૩૫૦૦ થી વધુ ઈવીએમ અને વીવીપેટને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે હિંમતનગરની પોલીટેકનિક કોલેજમાં લાવીને સીલ કરી દેવામાં આવ્યા છે. જ્યાં અત્યારે રાઉન્ડ ધ ક્લોક પોલીસ બંદોબસ્ત ગોઠવાયેલો છે.

દરમિયાન મળતી માહિતી મુજબ લોકસભા સાબરકાંઠા બેઠકની મતગણતરી ૨૨ થી ૨૯ રાઉન્ડમાં થવાની છે. જોકે સૌથી વધુ રાઉન્ડ ભિલોડા વિધાનસભા બેઠકમાં ૨૯ રાઉન્ડમાં જ્યારે પ્રાંતિજ-તલોદ વિધાનસભા બેઠકમાં ૨૨ રાઉન્ડમાં થશે. ઉલ્લેખનીય છે કે દરેક વિધાનસભા બેઠકના એક રાઉન્ડમાં ૧૪ ટેબલ પર એકી સાથે ઈવીએમ ખોલીને મત ગણતરી કરવામાં આવશે.

સવારે ૮ વાગે મતગણતરીનું કામ શરૂ થનાર છે ત્યારે તેમાં ફરજ બજાવનાર અંદાજે ૧૫૦૦થી વધુ કર્મચારીઓને સવારે છ વાગે ફરજના સ્થળે હાજર રહેવા માટેના આદેશ કરી દેવાયા છે.

તો બીજી તરફ મતગણતરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીકના માર્ગદર્શન હેઠળ સીઆરપીએફ, એસઆરપી અને સ્થાનિક પોલીસને તથા અધિકારીઓને ફરજ પર હાજર રહેવા માટે તાકીદ કરી દેવામાં આવી છે. મતગણતરીના દરેક રાઉન્ડને અંતે કયા ઉમેદવારને કેટલા મત મળ્યા તે અંગે લાઉડ સ્પિકરથી જાહેર કરવાનું પણ આયોજન કરાયુ છે. મતગણતરીના સ્થળે મિડીયા સેન્ટર જ્યા સુધી મતગણતરીનું કામ પૂર્ણ ન થાય ત્યા સુધી ચાલુ રહેશે.

**પોસ્ટલ બેલેટની ગણતરી ક્યારે થશે**

સાબરકાંઠા વિધાનસભા બેઠક માટે પોસ્ટલ બેલેટ દ્વારા જે કર્મચારીઓએ મતદાન કર્યુ છે તેની મતગણતરી તા. ૨૩મે ના રોજ સવારે ૮ વાગે થશે. ત્યારબાદ ૮.૩૦ કલાકે ઈવીએમની મતગણતરી થશે પરંતુ પોસ્ટલ બેલેટની મતગણતરીનું કામ ખુબજ અટપટુ હોવાને કારણે તેમાં સમય વધુ જાય છે એટલે ચૂંટણીપંચના નિયમ મુજબ પોસ્ટલ બેલેટની મતગણતરી જ્યા સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈવીએમની મતગણતરીના છેલ્લા બે રાઉન્ડ બાકી રાખવામાં આવે છે એમ આધારભુત સૂત્રોમાંથી જણાવાયું છે.

# સરદારપુરા દૂધ મંડળીના નવનિર્મિત દૂધ ઘરનું ઉદ્ઘાટન



રાધનપુર તાલુકાની ધી સરદારપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નવનિર્મિત દૂધ ઘરનું બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ઉદ્ઘાટન યોજાયું હતું. વધુમાં બનાસ ડેરી દ્વારા આ મંડળીને બલ્ક ચિલીંગ યુનીટ માટે રૂ. ૭,૦૮,૯૨૩, મકાન સહાય માટે રૂ. ૧,૦૦,૦૦૦ અને Automatic Milk Collection Station (AMCS) માટે રૂ. ૧,૨૨,૯૫૦ મળીને કુલ ૯.૩૧ લાખથી વધુની સહાયની જાહેરાત આ પ્રસંગે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ કરીને અન્ય ગામોના ઉપસ્થિત આગેવાનોને પણ ડેરીની આ પ્રકારની યોજનાઓનો વધુને વધુ લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો.

પોતાના પ્રાસંગીક પ્રવચનમાં આ વિસ્તારમાં હજુપણ દૂધના વ્યવસાય સાથે સંકળાવવા બાબતે અવકાશ હોવાનું જણાવીને ચેરમેનશ્રીએ ઉમેર્યું હતુ કે ૨૦ થી ૨૫ % જેટલો નફો આપતો આ વ્યવસાય વાઈટ કોલર જોબથી પણ સવાઈ આવક તેમજ સ્વાવલંબી જીવન જીવવાનો ઉત્તમ વિકલ્પ છે. તેઓએ રોજગારીની ઉત્તમ સંભાવનાઓ ધરાવતાં પશુપાલનના આ વ્યવસાયમાં આવનારો સમય ખૂબ હકારાત્મક રહેશે તેવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરતાં તેઓએ નજીકના ભવિષ્યમાં હજું પણ પશુપાલકોને ચુકવાતા દૂધના ભાવોમાં વધારો થાય તેવી સંભાવના જોઈ રહ્યાં હોવાનું જણાવ્યું હતુ.

કાર્યક્રમના આરંભે સરદારપુરા દૂધ મંડળીના ચેરમેનશ્રી નાનજીભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા, જ્યારે બનાસ ડેરીના ડાયરેક્ટરશ્રી કરશનભાઈ ચૌધરીએ કાર્યક્રમને અંતે આભારવીધી કરી હતી.

કાર્યક્રમમાં રાધનપુર APMCના ચેરમેનશ્રી અમથાભાઈ ચૌધરી, બનાસ બેન્કના ડીરેક્ટરશ્રી બાબુભાઈ ચૌધરી, બનાસ બેન્કના ડીરેક્ટર ડૉ. દેવજીભાઈ ચૌધરી, તાલુકાના સંઘના વાઈસ ચેરમેનશ્રી ગફુરભાઈ ભરવાડ, તાલુકા ભાજપાના પ્રમુખશ્રી ભોજાભાઈ આયર, શ્રી પ્રવિણભાઈ મહાલક્ષ્મી, ડેલીગેટશ્રી અજીતસિંહ પરમાર, સરપંચશ્રી આનંદ ભારથી, રાધનપુર APMCના ડાયરેક્ટરશ્રી કરશનભાઈ ચૌધરી, સહિત સ્થાનિક આગેવાનો, રાધનપુર તાલુકાની વિવિધ દૂધ મંડળીઓના ચેરમેનશ્રીઓ-મંત્રીશ્રીઓ, બહેનો, સહિત ગ્રામજનોએ આ મંગલ શુભારંભ પ્રસંગે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## ડીસામાં ધોળા દિવસે પાર્ક કરેલી ગાડીના કાચ તોડી ચોરી
### લગ્નસરાની સીઝનમાં શહેરમાં ઠગ અને ગઠિયા ટોળકીએ ધામા નાખ્યા હોવાનું સ્પષ્ટ થાય છે

ડીસા, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં ટ્રાફિકથી ધમધમતા તાલુકા પંચાયત પાસેના બસસ્ટેન્ડ રોડ ઉપર પાર્ક કરેલી ગાડીના કાચ તોડી અજાણ્યા ગઠિયા ધોળા દિવસે બેગ ચોરીને ફરાર થઈ ગયા હતા. લાખણી તાલુકાના મટુ ગામના કિશોરભાઈ મેરૂજી પ્રજાપતિ ગઈકાલે બુધવારે કામ અર્થે પોતાની ગાડી લઈને ડીસા આવ્યા હતા. જ્યાં પ્રથમ બેંકનું કામ પતાવી તાલુકા પંચાયત ગયા હતા. જ્યાં બપોરે બાર વાગે ગાડી રોડ ઉપર પાર્ક કરી કામ અર્થે તાલુકા પંચાયત તરફ ગયા હતા. જ્યાં કામ પતાવી તરત પરત આવતા ગાડીના કાચ તુટેલા જણાયા હતા અને ગાડીમાં મુકેલી એટીએમ સહિતના જરૂરી દસ્તાવેજ અને સરસામાન ભરેલી બેગ ગાયબ જણાઈ હતી. તેથી જાહેર રોડ ઉપર ધોળા દિવસે કોઈ ગઠિયો દાવ અજમાવી ગયો હોવાનું જણાતા તેમણે આ બાબતની ઉત્તર પોલીસ મથકે જાણ કરી હતી. તેથી દોડી આવેલી પોલીસે જાહેર રોડ ઉપર લગાવેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી ગઠિયાઓનું પગેરૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે.

ધોળા દિવસે બનેલા આ બનાવથી આમ પ્રજામાં ફફડાટ ફેલાયો છે. ત્યારે કિશોરભાઈ પ્રજાપતિ પ્રથમ બેંકમાં ગયા તેથી મોટી રકમ ઉપાડી હોવાની આશંકાએ ગઠિયા ટોળકી તેમનો પીછો કરી બેગ ચોરીનો અંજામ આપ્યો હોવાનું જણાય છે. જેના કારણે હાલની લગ્નસરાની સીઝનમાં શહેરમાં ઠગ અને ગઠિયા ટોળકીએ ધામા નાખ્યા હોવાનું સ્પષ્ટ થઈ જાય છે. ત્યારે પોલીસ આ દિશામાં તપાસ કરે તો અન્ય ગુનાનો ભેદ પણ ઉકેલી શકે તેમ છે.

## પ્રાંતિજના કાલીપુરા શ્રી મહાકાલી માતાના મંદિરે પાટોત્સવ યોજાયો
### હોમ હવન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા : ધર્મપ્રેમી લોકો સહિત માઇભકતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં

પ્રાંતિજ, તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના કાલીપુરા ગામમાં આવેલ શ્રી મહાકાલી માતાજીના મંદિર ખાતે ૨૨ મો પાટોત્સવ યોજાયો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી માઈભકતો ધર્મપ્રેમી લોકો સહિત હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તો દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી.



હિંમતનગર-તલોદ રોડ ઉપર આવેલ પ્રાંતિજ તાલુકા ના કાલીપુરા ગામે આવેલ પૌરાણિક અને પ્રાચિન સુપ્રસિધ્ધ યાત્રાધામ શ્રી મહાકાલી માતાના મંદિર ખાતે ૨૨ મો પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દિવસ દરમ્યાન શ્રી મહાકાલી યુવક મંડળ તથા મંદિર ના ટ્રસ્ટીગણ દ્વારા હોમ હવન પૂજા આરતી ધજા રોહન સહિત ના આયોજન કરવામાં આવ્યું હતું તો અહી નવરાત્રી નો મહિમા વધારે છે તો નવરાત્રી દરમ્યાન સાતમ-આઠમ નો રાત્રી નો મેળો ભરાય છે તો પ્રાંતિજ સહિત આજુબાજુમાં રહેતા લોકોએ મંદિર ખાતે આવી માતાજીના દર્શન કરી હવનના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી તો ૨૨ મો પાટોત્સવ માં સાબર ડેરીના ડિરેક્ટર તથા સહકારી આગેવાન ભોગીલાલ પટેલ ના પરિવારે હોમ હવનમાં યજમાન પદે લાભ લીધો હતો તો મંદિરના પ્રમુખ કિરીટભાઈ પટેલ મંત્રી સતિષભાઈ પટેલ પુજારી વસંતભાઈ પટેલ સહિતના મંદિરના ટ્રસ્ટીઓ કારોબારી સભ્યો તથા મહાકાલી યુવક મંડળ દ્વારા ૨૨ મા પાટોત્સવ ની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી તો મંદિર વ્યવસ્થાપકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## વિજયનગરના તલાટી કમ મંત્રીએ આદેશનું પાલન ન કરતા પકડ વોરંટ

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠાના વિજયનગર ખાતે આવેલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીએ ખેતી વિષયક એચ-૧ પત્રક નિયત સમયમર્યાદામાં તૈયાર કરી તેને મામલતદાર સમક્ષ રજુ ન કરતા આ તલાટીને મંગળવારે હાજર કરવા માટે પકડ વોરંટ જારી કરાયુ છે અને પોલીસને તાકીદ કરાઈ છે કે આ તલાટીનું ગમે ત્યાંથી પકડી મામલતદાર સમક્ષ હાજર કરવાનુ રહેશે.

આ અંગે વિજયનગર મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી દ્વારા જારી કરાયેલા પકડ વોરંટમાં જણાવાયા મુજબ વિજયનગરમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી સી.બી. ડામોર દ્વારા ખેતી વિષયક અંગેના એચ-૧ પત્રક તૈયાર કરી તેને સમયમર્યાદામાં રજુ કરવા માટે વારંવાર સુચનાઓ આપવામાં આવી હતી તેમ છતાં આ તલાટી કમ મંત્રી દ્વારા સુચનાઓ અને આદેશનું પાલન કરવામાં આવતુ ન હતુ.

જેથી વિજયનગરના તલાટીએ મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૨૫ની જોગવાઈનો ભંગ કરતા મામલતદારે મંગળવારે તેમની વિરૂદ્ધ પકડ વોરંટ જારી કરીને પોલીસને આ તલાટી કમ મંત્રીને પકડી મામલતદાર સમક્ષ હાજર કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે અને અને તેમને પકડી દીવાની જેલમાં રાખવા માટે જણાવાયું છે.